# –:: આંક–૧૪ ની અરજી લગત હુકમ ::–

(૧) અરજદારોની અરજી તથા રજુ થયેલ દસ્તાવેજો વંચાણે લીધા. હાલના કામે ગુજરનાર સ્વ.ટુનટુન આર.ચમાર ને સામાવાળા સંસ્થામાં ફરજ દરમ્યાન થયેલ અકસ્માતથી નિપજેલ મૃત્યુ અંગે હાલનાં કામનાં સામાવાળા નં.ર નાંઓએ આંક–૭ થી અકસ્માત વળતરની રકમ રૂા.૧ર,ર૩,૦ર૫/– (અંકે રૂપીયા બાર લાખ ત્રેવીસ હજાર પચ્ચીસ પુરા) એચ.ડી.એફ.સી. બેંક શિવાજી નગર શાખા, પુના મહારાષ્ટ્ર, ચેક નં.૮૭૭૩૯૮ થી તા.૦૪–૦૯–ર૦ર૪ નાં રોજ ડબલ્યુ.સી.કમિશ્નરશ્રી કલોલના નામે જમા કરાવેલ. હાલનાં કામની જમા રકમની વહેચણી સારું હાલનાં અરજદારો તેમના પ્રતિનિધિશ્રી મારફત હાજર થયેલા અને હાલના કામે અરજદારોએ કામદાર વળતર ધારાનાં પ્રબંધો હેઠળ અરજી કરી, સામાવાળા કંપનીનાંઓએ અકસ્માતમાં થયેલ ગુજરનારનાં મૃત્યુનાં વળતર પેટે જમા કરાવેલ વળતરની રકમ રૂા.૧ર,ર૩,૦ર૫/–(અંકે રૂપીયા બાર લાખ ત્રેવીસ હજાર પચ્ચીસ પુરા) મેળવવા દાખલ કરેલ છે. સામાવાળા સંસ્થા તર્ફે સામેથી હાલનાં કામે વળતરની રકમ સ્વૈચ્છીક રીતે વાંધા વિના જમા કરાવેલ હોય, તે સંજોગોમાં જમા રકમ અરજદારોને ચુકવી આપવા સામે કોઈ પણ પ્રકારનો વાંધો ન હોવાનું અત્રેની કોર્ટનું માનવું છે.

(ર) ત્યારબાદ હાલનાં કામે અરજદારો તર્ફે નીચે મુજબનાં દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

➢ **<u>દસ્તાવેજી પુરાવા</u> :–**

૧. માર્ક–૧૩/૧ થી અનિતાદેવી ટુનટુન ચમારના આધાર કાર્ડની નકલ.

ર. માર્ક–૧૩/ર થી જયોતીકુમારી ટુનટુન ના આધાર કાર્ડની નકલ.

૩. માર્ક–૧૩/૩ થી રાજુકુમાર ટુનટુન ચારના આધાર કાર્ડની નકલ.

૪. માર્ક–૧૩/૪ થી સંધ્યાકુમારી ટુનટુન ચારના આધાર કાર્ડની નકલ.

૫. માર્ક–૧૩/૫ થી જયોતીકુમારી ટુનટુન ચમારના જન્મ પ્રમાણપત્રની નકલ.

૬. માર્ક–૧૩/૬ થી રાજુકુમાર ટુનટુન ચમારના જન્મ પ્રમાણપત્રની નકલ.

૭. માર્ક–૧૩/૭ થી સંધ્યાકુમારી ટુનટુન ચમારના જન્મ પ્રમાણપત્રની નકલ.

૮. માર્ક–૧૩/૮ થી અરજદારના સ્વ.પતિ ટુનટુન ચમારનો અકસ્માતથી થયેલ મૃત્યુ બાબતે કરેલ પોસ્ટ મોર્ટમ એકઝામીનેશન સર્ટીફીકેટની નકલ.

૯. માર્ક–૧૩/૯ થી અરજદારના સ્વ.પતિનો અકસ્માતથી મૃત્યુ થયેલ હોઈ નાયબ નિયામક સાહેબશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થયની કચેરી, ગાંધીનગરને કાનુની કાર્યવાહી કરવા માટે અમોએ અમારા યુનિયન મારફત આપેલ ફરીયાદની નકલ.

૧૦. માર્ક–૧૩/૧૦ થી ઉકત ફરીયાદ રજી.એડી. કર્યાની મની સ્લીપની અસલ.

૧૧. માર્ક–૧૩/૧૧ થી ઉકત ફરીયાદ નાયબ નિયામક સાહેબશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરી, ગાંધીનગરને મળી ગયા બાબતની એકનોલેજમેન્ટ પહોંચ અસલ.

૧૨.માર્ક–૨૦/૧ થી સાંતેજ પોલીસ સ્ટેશનમાં અકસ્માતથી થયેલ મૃત્યુ અંગેની નોંધની નકલ.

૧૩. માર્ક–૨૦/૨ થી સ્વ.શ્રી ટુનટુન રાજુકુમાર ચમારની બોડીનું પોલીસે કરેલ ઈન્કવેસ્ટ પંચનામાની નકલ.

૧૪. માર્ક–૨૦/૩ થી સ્વ.શ્રી ટુનટુન રાજુકુમાર ચમારની બોડીનું ડોકટરશ્રીએ કરેલ બોડીનું પરીક્ષણ એટલે કે પોસ્ટ મોર્ટમની નકલ.

૧૫. માર્ક–૨૦/૪ થી ટુનટુન રાજુકુમાર ચમારના ચૈતપુરા ગુલોરા ગ્રામ પંચાયત, જી.બલીયા, ઉત્તર પ્રદેશના પરિવાર રજીસ્ટર એટલે કે પેઢીનામાની નકલ.

(૩) વધુમાં અરજદાર તરફે આંક–૨૨ થી અરજી આપી જણાવેલ છે કે, અમો સોગંદનામુ કરનાર અને અમારા સ્વ.પતિ ટુનટુન રાજારામ થકી અમારી સૌથી મોટી દીકરી આરતીકુમારીનો જન્મ થયેલ અને બે વર્ષની ઉંમરમાં મૃત્યુ પામેલ. જેથી અમારા ગામના સગાવ્હાલા દ્વારા તેની અંતિમ વિધિ કરવામાં આવતા તેઓની અજ્ઞાનતાના કારણે મરણની નોંધ સરકારશ્રીની કચેરીમાં કે ગ્રામ પંચાયતમાં કરવાની રહી ગયેલ છે. આમ અમારી સૌથી મોટી દીકરી સ્વ.આરતી કુમારી હાલમાં હયાત નથી અને તેના મૃત્યુને ઘણા વર્ષો થઈ ગયેલ છે તેવુ સોગંદ પર જાહેર કરેલ છે.

(૪) વધુમાં હાલના કામે અરજદાર તર્ફે રજુ આંક–૧૪ ની અરજીમાં જણાવેલ છે કે, આ કામનાં સામાવાળા નં.ર વીમા કંપનીનાંઓ દ્વારા વળતરની રકમ જમા કરાવેલ છે. તે અમો વારસદારોને આપવા વિનંતી છે. અમો અરજદારો વળતરની રકમ બાબતે કોઈ વાંધો કે તકરાર લીધેલ નથી.

તેમજ ભવિષ્યમાં રહેશે પણ નહીં. વધુમાં મરણ જનાર સ્વ. ટુનટુન આર.ચમારનાં વારસો તથા આશ્રીતો નીચે મુજબનાં હોવાનું સોગંદ ઉપર જાહેર કરેલ છે.

| અનુ. નં. | આશ્રિતોનાં નામ | ગુજરનાર સાથે સંબંધ | ઉ.વ. |
|---|---|---|---|
| ૧. | અનિતા ટુનટુન | (પત્ની) | ૪૫ |
| ૨. | જયોતીકુમારી ટુનટુન પ્રસાદ | (પુત્રી) | ૧૭ |
| ૩. | રાજુકુમાર ટુનટુન પ્રસાદ | (પુત્ર) | ૧૬ |
| ૪. | સંઘ્યાકુમારી ટુનટુન પ્રસાદ | (પુત્રી) | ૧૪ |

**(૫)** સદરહું કામે રેકર્ડ ઉપર આવેલ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતાં અરજદારો નીચે મુજબની હકીકતો વ્યાજબી સમર્થન સાથે કોર્ટના રેકર્ડ ઉપર લાવવામા સફળ થયેલ છે. હાલનાં કામના અરજદાર અરજદાર નં.૧ ના પતિ, અરજદાર નં.ર તથા ૪ નાં પિતા ગુજરનાર સ્વ. ટુનટુન આર.ચમારનું અકસ્માતનાં કારણે મૃત્યુ થયેલ છે. જે અંગે વળતરની રકમ રૂા.૧૨,૨૩,૦૨૫/– (અંકે રૂપીયા બાર લાખ ત્રેવીસ હજાર પચ્ચીસ પુરા) થાય છે. જે વળતરની રકમ વ્યાજબી અને યોગ્ય છે અને હાલનાં અરજદારોને સદર રકમ કબુલ મંજુર છે.

**(૬)** હાલનાં કામે રજુ થયેલ દસ્તાવેજો વંચાણે લેતાં, અરજદારોને ગુજરનારનાં કાયદેસરનાં વારસદાર તથા આશ્રિત હોવાનું ન માનવાને કોઈ કારણ નથી. વધુમાં સદર હકીકત બાબત કર્મચારી વળતર અધિનિયમ,૧૯૨૩ ની કલમ–૨(૧)(ડી) ની જોગવાઈ વંચાણે લેવી જરૂરી છે. જે નીચે મુજબ છે.

> ➢ *કલમ–૨(૧)(ડી) ની જોગવાઈ ધ્યાને લેતાં આશ્રિત એટલે મૃત્યુ પામેલા કામદારના કોઈ સગાં પૈકી–*
>
> ***(૧)*** *વિધવા, સગીર ઔરસ અથવા દત્તક લીધેલ પુત્ર અને અપરિણીત ઔરસ અથવા દત્તક લીધેલ પુત્રી અથવા વિધવા પિતા અને*
>
> ***(૨)*** *કામદારનાં મૃત્યુ સમયે તેની કમાણી ઉપર પુરેપુરો આશ્રિત હોય તો અઢાર વર્ષની વયનો પણ અશકત પુત્ર અથવા પુત્રી,*
>
> *વધુમાં વિવરણમાં જણાવેલ છે કે, પેટા–કલમ(૧) આ ખંડ (ડી) નાં પેટા–ખંડ(૨) :– આ પેટા ખંડ (૨) માં બે મુખ્ય બાબતો છે. (૧) દાવેદાર સંપૂર્ણપણે તેના મૃત્યુ વખતે તેના ઉપર આશ્રિત હોવા જોઈએ, (૨) તે અશકત હોવા જોઈએ, (૩) કામદારનાં મૃત્યુ સમયે તેની*

*કમાણી ઉપર પુરેપુરા અથવા અશંત: આશ્રિત હોય તો, (એ) વિધુર, (બી) પિતા કે પિતા, (સી) સગીર અનૌરસ પુત્ર, અપરિણીત અનૌરસ પુત્રી અથવા પરણેલી અને સગીર અથવા વિધવા અને સગીર ઔરસ અથવા અનૌરસ અથવા દત્તક લીધેલ પુત્રી, (ડી) સગીર ભાઈ અથવા અપરિણીત કે વિધવા બહેન, (ઈ) વિધવા પુત્રવધુ, (એફ) મૃત્યુ પામેલ પુત્રનું સગીર બાળક, (જી) પહેલાં મૃત્યુ પામેલી પુત્રીનું સગીર સંતાન, તેના પિતા–પિતા હયાત ન હોય તો અથવા (એચ) કામદારનાં પિતા–પિતા હયાત ન હોય, તો પિતામહ અથવા પિતામહી.*

આમ, સદર વ્યાખ્યા મુજબ ઉપરોકત અરજદારોનો આશ્રિતની વ્યાખ્યામાં સમાવેશ થતો હોઈ, હાલનાં કામે અરજદારો ગુજરનારનાં અનુક્રમે પત્ની તથા સગીર સંતાનો થાય છે. તેમજ તેઓ ગુજરનારની કમાણી ઉપર આશ્રિત હતા. જેથી અરજદારોને ગુજરનારનાં વારસ તથા આશ્રિત તરીકે હાલનાં કામે સ્વીકારવામાં આવે છે.

**–:: <u>આખરી હુકમ</u> ::–**

**(૧)** ગુજરનારના આશ્રિતોએ ઉપરોકત રજુ કરેલ તમામ હકીકતો તેમજ રજુ થયેલ દસ્તાવેજો અને નામ.ગુજરાત હાઈકોર્ટે ન્યુ ઈન્ડીયા ઈન્સ્યોરન્સ કંપની વિરૂધ્ધ નારસિંહ ડી. હરીજન (સોલંકી),અન્ય બે ના કેસ નં.સીવીલ એપ્લીકેશન નં.૧૧૭૦૬ થી નં. ૧૧૭૧૬/૨૦૦૬ ઈન ફર્સ્ટ અપીલ નં.૩૮૩૦ થી ૩૮૪૦/૨૦૦૬, તા.૨૪/૦૪/૨૦૦૭ ના ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંતોનાં મુજબ સામાવાળાએ જમા કરાવેલ રકમની વહેંચણી ગુજરનારનાં આશ્રિતને નીચે મુજબ ફાળવવામાં આવે છે. અરજદારોની લાંબા સમયની આર્થીક સલામતી ધ્યાને લેતાં હાલનાં કામે જમા એફ.ડી.આર.ની રકમ રૂા.૧૨,૨૩,૦૨૫/– (અંકે રૂપીયા બાર લાખ ત્રેવીસ હજાર પચ્ચીસ પુરા) પૈકી હાલનાં કામનાં અરજદાર નં.૧ ને રૂા. ૩,૨૩,૦૨૫/– (અંકે રૂપીયા ત્રણ લાખ ત્રેવીસ હજાર પચ્ચીસ પુરા), અરજદાર નં.૨ ને રૂા. ૩,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા ત્રણ લાખ પુરા), અરજદાર નં.૩ ને રૂા.૩,૦૦,૦૦૦/–(અંકે રૂપિયા ત્રણ લાખ પુરા), અરજદાર નં.૪ ને રૂા.૩,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા ત્રણ લાખ પુરા) ની વહેંચણી કરી ફાળવવામાં આવે છે. વધુમાં અરજદાર નં.૧ ને મળવાપાત્ર રકમ રૂા.૩,૨૩,૦૨૫/–(અંકે રૂપીયા ત્રણ લાખ ત્રેવીસ હજાર પચ્ચીસ પુરા) પૈકી ૧૫% લેખે રૂા.૪૮,૪૫૩/– (અંકે રૂપીયા અડતાલીસ હજાર ચારસો ત્રેપ્પન પુરા) હાલની તારીખનાં વ્યાજ સહીત એકાઉન્ટ પેઈ ચેકથી ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે. વધુમાં

અરજદાર નં.૧ નાં ભાગે રહેલ બાકીનાં ૮૫% રકમ અરજદાર નં.૧ તથા વ.કો.કમિશ્નરશ્રી, કલોલનાં સંયુકત નામે રાષ્ટ્રીયકૃત બેંકમાં એફ. ડી. કરવા તેમજ સગીર અરજદાર નં.ર થી નં.૪ નાં ફાળવેલ સંપુર્ણ રકમ અરજદારોનાં કુદરતી વાલી અને ઈષ્ટ મિત્ર અરજદાર નં.૧ તથા વ.કો.કમિશ્નરશ્રી, કલોલનાં સંયુકત નામે રાષ્ટ્રીયકૃત બેંકમાં એફ. ડી. કરવા નીચે જણાવેલ વિગતે વહેંચણી કરવામાં આવે છે.

| અનુ. નં. | નામ | ગુજરનાર સાથે સંબંધ | એકાઉન્ટ પેઈ ચેકથી ચુકવવાપાત્ર રકમ (રૂા.) | એફ.ડી.માં મુકવાપાત્ર રકમ (રૂા.) | વર્ષ | કુલરકમ (રૂા.) |
|---|---|---|---|---|---|---|
| ૧. | અનિતા ટુનટુન | (પત્ની) | ૪૮,૪૫૩/- | ૨,૭૪,૫૭૨/- | ૦૫ | ૩,૨૩,૦૨૫/- |
| ૨. | જયોતીકુમારી ટુનટુન પ્રસાદ | (પુત્રી) | --- | ૩,૦૦,૦૦૦/- | ૦૫ | ૩,૦૦,૦૦૦/- |
| ૩. | રાજુકુમાર ટુનટુન પ્રસાદ | (પુત્ર) | --- | ૩,૦૦,૦૦૦/- | ૦૫ | ૩,૦૦,૦૦૦/- |
| ૪. | સંધ્યાકુમારી ટુનટુન પ્રસાદ | (પુત્રી) | --- | ૩,૦૦,૦૦૦/- | ૦૫ | ૩,૦૦,૦૦૦/- |

**(૨)** અરજદાર નં.૧ નાંઓને રોકડમાં ચુકવવાના થતાં નાણાં એકાઉન્ટ પેઈ ચેકથી ઓળખનાં પુરાવા લઈ ચુકવવાનું ઠરાવવામાં આવે છે. અરજદાર નં.૧ નાંઓની ફિકસ ડીપોઝીટમાં મુકવાની રકમ અરજદાર નં.૧ તથા વ.કો.કમિશ્નરશ્રી, કલોલ, ગાંધીનગરનાં સંયુકત નામે રાષ્ટ્રીયકૃત બેંકમાં ઉપર જણાવેલ સમયગાળા માટે મુકવાનો હુકમ કરવામાં આવે છે.

વધુમાં અરજદાર નં.ર થી ૪ નાંઓ સગીર હોઈ, તેઓને ભાગે આવતી ફીકસ ડીપોઝીટની રકમ સગીરોવત્તી તેઓના વાલી અને ઈષ્ટ મિત્ર તરીકે તેમના અનુક્રમે માતા અરજદાર નં.૧ તથા વ.કો.કમિશ્નરશ્રી,કલોલ, ગાંધીનગરનાં સંયુકત નામે રાષ્ટ્રીયકૃત બેંકમાં ફીકસ ડીપોઝીટમાં ઉપર જણાવેલ સમયગાળા માટે મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૩)** ઉપરોકત ફીકસ ડીપોઝીટની રકમ પૈકી અરજદાર નં.૧ નાંઓને ફીકસ ડીપોઝીટ ઉપરનું ત્રિમાસીક વ્યાજ તેઓના ખાતામાં આર.બી.આઈ.નાં નિયમોનુસાર આર.ટી.જી.એસ. થી જમા આપવું વિકલ્પે સદર ખાતાનું એ.ટી.એમ. કાર્ડ ઈસ્યુ કરવું.

વધુમાં અરજદાર નં.ર થી ૪ નાંઓને ફીકસ ડીપોઝીટ ઉપરનું વ્યાજ ફીકસ ડીપોઝીટની

રકમ પાકે તે સમયે આખરમાં સાથે ચુકતે આપવું.

(૪) સંબંધિત બેંકને એવો હુકમ કરવામાં આવે છે કે, જમા થયેલ એફ.ડી. ની રકમ અરજદારો કે અન્ય વ્યકિતને સમય મર્યાદા પુરી થયેથી કોર્ટથી પુર્વ પરવાનગી વગર ચુકવવી નહીં. અને સદર એફ.ડી. ની રકમ ઉપર અરજદારોને કોઈ લોન, ગીરો કે ધિરાણ આપવું નહીં તેમજ સદર રકમ ઉપર કોઈપણ પ્રકારનો બોજ ઉભો કરવો નહીં. વધુમાં અસલ એફ.ડી.આર. આ કામનાં અરજદારોને આપવી અને તેની નકલ ધોરણસરની યાદી સાથે અત્રેની કોર્ટને બેંકે દિન–૦૭ માં મોકલી આપવી.

હુકમ આજરોજ તારીખ ૧૪મી માહે જુલાઈ સને ૨૦૨૫ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવીને જાહેર કરવામાં આવેલ છે.

તારીખ :– ૧૪/૦૭/૨૦૨૫
સ્થળ :– કલોલ.

**(મનોજભાઈ શાંતિલાલ સોલંકી)**
કમિશ્નરશ્રી, વ. કો. એકટ, લેબર કોર્ટ
(એસ.ડી.), કલોલ, જી.ગાંધીનગર.

***JUDGE CODE : GJ01300.***

*સ્ટેનો: એચ.પી.પરમાર.*